

**આઈડીઆઈનું સીટી સેન્ટરઃ** શહેરના ડાયમંડ ઈન્સ્ટીટયુટ દ્વારા વેસુ ખાતે સાકાર કરવામાં આવેલા સીટી સેન્ટરનો ડીટીસીના સીઈઓ વર્ધા સાઈનના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. ડીટીસીના સીઈઓ સુરતની મુલાકાતે આવતા હીરા ઉદ્યોગમાં ચહલપહલ વધી જવા પામી હતી. વર્ધા સાઈને તેમના વકતવ્ય દરમિયાન હીરા ઉદ્યોગ માટે ઉજળા સંકેત આપતા ઉદ્યોગકારોમાં આનંદની લાગણી ફરી વળી હતી. (તસવીરઃ પ્રદિપ ગોહિલ)

# ભારત, અમેરિકા, ચીનમાં ડાયમંડ જવેલરીમાં તેજીનો દૌર એક દાયકા સુધી ચાલુ રહેશેઃ વર્ધા

('ગુજરાતમિત્ર'ના પ્રતિનિધિ તરફથી)

સુરત, મંગળવારઃ વેસુ ખાતે સાકારીત થયેલા ઈન્ડીયન ડાયમંડ ઈન્સ્ટીટયુટના સીટી સેન્ટરના-ઉદઘાટનમાં આવેલા ડીટીસીના સીઈઓ વર્ધા સાઈન એ હીરા ઉદ્યોગમાં રફની અછતને લઈને ઉઠેલી બુમ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યુ હતું કે ડીટીસી રફની અછત છે તેવુ માનતી નથી.

## કાચા હીરાની કોઈ જ અછત નથી, માત્ર માંગ અને પુરવઠા વચ્ચે ગેપ છેઃ રફના ભાવ વધ્યા નથી પરંતુ ડોલર નબળો પડયો છે

ડીમાન્ડ અને સપ્લાય વચ્ચે ગેપ હોવાના લીધે રફની અછત ઉદ્યોગકારો અનુભવી રહ્યા છે. તેમજ ઝીમ્બાબ્વેને કેપી સર્ટીફીકેટ



આપવાની તરફેણમાં હોવાનું જણાવી તેઓએ ઉમેયુ હતું કે હાલના તબક્કે ડીટીસી આ મુદ્દે ગ્રાહકના વિશ્વાસને ડગાવવા માનતુ નથી. અગામી દિવસોમાં દુબઈ ખાતે મળનારી ડીટીસીની બેઠકમાં આ મુદ્દે ચર્ચા કરી નિરાકરણ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે એવુ ડીટીસીના સીઈઓએ જણાવ્યુ હતું.

ઈન્ડીયન ડાયમંડ ઈન્સ્ટીટયુટના વેસુ ખાતેના સીટી સેન્ટરને ખુલ્લુ મુકતા ડીટીસીના સીઈઓ વર્ધા સાઈનએ જણાવ્યું હતું કે હાલમાં ડાયમંડ ઈન્ડસ્ટ્રીમાં સ્કીલને વિકસાવવાની જરૂર.છે અને સીટી સેન્ટર આ સાથે મેન પાવરની ખોટ પણ પુરી કરશે. જેમાં ઈન્ડીયન ડાયમંડ ઈન્સ્ટીટયુટ મહત્વનો ફાળો આપી રહ્યુ છે. સીટી સેન્ટરથી જવેલરી મેન્યુફેકચરીંગ અને ડીઝાઈનીંગમાં આર્ટીશનની ગુણવતામાં

(અનુસંધાન પાના પાંચ પર)

### શહેરના હીરા ઉદ્યોગને

(અનુસંધાન પાના છેલ્લાનું)

આગામી જુલાઈથી જવેલરી ડીઝાઈન, કેડ બેઝડ જવેલરી ડિઝાઈન, ડાયમંડ ગ્રેડીંગ અને જેમોલોજીને લગતા કોર્ષો ચાલુ કરવામાં આવશે.

જીજેઈપીસીના ચેરમેન રાજીવ જૈનએ સીટી સેન્ટર અંગે જણાવ્યું હતું કે, આઈડીઆઈનો ૩૨ વર્ષનો અનુભવ સેન્ટરમાં જોવા મળી રહ્યો છે સેન્ટર થકી સુરતના હીરા ઉદ્યોગને સ્કીલ કારીગરો મળશે. અને તેના કારણે હીરા ઉદ્યોગમાં સુરતની ગુણવત્તા પણ વધશે તેઓએ વધુમાં જણાવ્યું હતું કે સીટી સેન્ટરમાંથી દર વર્ષે ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓ શિક્ષણ લઈને બહાર જશે.

૧૫ દિવસ બાદ નિવૃત્ત થનારા ઈન્ડીયન ડાયમંડ ઈન્સ્ટીટયુના એક્ઝીકયુટીવ ડાયરેકટર કે.કે. શર્માએ જણાવ્યું કે ૫ વર્ષ પહેલા આઈડીઆઈના તત્કાલીન ચેરમેન ચંદ્રકાંત સંઘવીએ જોયેલું સપનુ આજે પુરૂ થયુ છે. તે જોતા આનંદ સાથે ગર્વની લાગણી થાય છે. ૩૨ વર્ષોમાં આઈડીઆઈ આજે દેશમાં એક આગવું સ્થાન ધરાવતું ઈન્સ્ટીટયુટ બની ગયું છે. તત્કાલીન મનપા કમિશ્નર અને સુડા ચેરમેન પંકજ જોષી દ્વારા આઈડીઆઈ માટે આપવામાં આવેલી જમીન અંગે બોલતા તેઓએ જણાવ્યું હતું કે, સુરતના વહિવટકર્તાઓ તરફથી પણ આઈડીઆઈને પુરતો સપોર્ટ મળી રહ્યો છે. જેના પગલે આઈડીઆઈનું સીટી સેન્ટર ઝડપથી ઉભુ થઈ ગયું છે.

આ પ્રસંગે ડીટીસીના સીઈઓ વર્ધા સાઈન, કેન્દ્રના કોમર્સ વિભાગના જોઈન્ટ સેક્રેટરી અનુરાગ શર્મા, જીજેઈપીસીના ચેરમેન રાજીવ જૈન,વાઈસ ચેરમેન ચંદ્રકાંત સંઘવી સાંસદ દર્શના જરદોશ, હીરા ઉદ્યોગકારો વસંત મહેતા, વસંત ગજેરા, ચુન ગજેરા, સવજી ધોળકીયા, સેવંતી શાહ, પ્રવિણ નાણાવટી, દિનેશ નાવડીયા, રોહિત મહેતા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.